# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮૧૧૦

AAU

**આ.કૃ.યુ., આણંદ ખાતે એમ.એસ.સી. (એગ્રિકલ્ચર એનાલિટિક્સ) અભ્યાસક્રમમાં ત્રીજા સત્રમાં પ્રવેશ પામનાર અનુસ્નાતક વિદ્યાર્થીઓના સુચારૂ સંચાલન માટે અલગ અધર એજન્સી બજેટ સદર ફાળવવા બાબત..**

વંચાણે લીધા: તા.૦૪/૦૭/૨૦૨૩ના રોજ વિદ્યાપરિષદની ૬૦મી બેઠકની કાર્યનોધના મુદ્દા નં. ૬૦.૨૮

## -: જાહેરનામું :-

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની તા.૦૪/૦૭/૨૦૨૩ના રોજ મળેલ વિદ્યાપરિષદની ૬૦મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૬૦.૨૮થી નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, ૨ વર્ષના એમ.એસ.સી. (એગ્રિકલ્ચર એનાલિટિક્સ) અભ્યાસક્રમને આ.કૃ.યુ., આણંદ, ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી, ગાંધીનગર અને ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ રિમોટ સેન્સિંગ, દેહરાદુન દ્વારા સંયુક્ત રીતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી ચલાવવાની મંજુરી અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં એમ.એસ.સી. (એગ્રિકલ્ચર એનાલિટિક્સ) અભ્યાસક્રમમાં પ્રવેશ પામેલ પ્રથમ બેચના વિદ્યાર્થીઓ આગામી ત્રીજા સત્રમાં આ.કૃ.યુ., આણંદ તથા દરેક વર્ષે ત્રીજા સત્રમાં આવનાર વિદ્યાર્થીઓના અભ્યાસ માટેની એકેડેમિક કામગીરી, ફી તબદિલી, શૈક્ષણિક સંલગ્ન આનુસંગિક બાબતો જેવી કે એકેડેમિક ટાઇમ ટેબલ, થીયરી અને પ્રાયોગિક અભ્યાસક્રમ, પરિક્ષા અને અન્ય નાંણાકીય બાબતો તથા સદર અભ્યાસક્રમના સુચારૂ અને સરળ સંચાલન માટે સહ પ્રાધ્યાપક અને વડાશ્રી, કૃષિ હવામાનશાસ્ત્ર, બં.અ.કૃષિ મહાવિદ્યાલયને પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર તરીકે નીમવા તથા આ સબબ એક અધર એજન્સી યોજના તરીકે બજેટ સદર ખોલાવી બં.અ.કૃષિ મહાવિદ્યાલયના હવાલે મૂકવા તથા સદર અધર એજન્સી યોજનામાં કરાર આધારિત સીનીયર રિસર્ચ ફેલો ૧ (ICAR norms મુજબ)નું પ્રાવધાન કરવા ૨૧મી બોર્ડ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝની બેઠકના મુદ્દા નં. ૨૧.૮ની ભલામણ ધ્યાને લઇ વિદ્યાપરિષદ દ્વારા મંજુરી આપવામાં આવે છે."

કુલસચિવ

જા.નં.આકૃયુ/રજી/પરીક્ષા/પીજીટી/ ૩૪૩૦-૩૬ /૨૦૨૩
તા. ૧૫/૦૭/૨૦૨૩

નકલ સવિનય રવાના :-
૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.
૨. આ યુનિવર્સિટીના તમામ આચાર્યશ્રીઓ તરફ.
૩. વિદ્યાપરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ.
૪. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ.
૫. સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગર તરફ જાણ સારૂં.

નકલ રવાના:-
૧. આ વિભાગની તમામ શાખાઓ તરફ.
૨. એકેડેમીક શાખા તરફ જાણ સારૂં. (૧૦ નકલમાં).